




## મોડાસા નગરપાલિકાના વોર્ડ નં-૯માં પેટા ચૂંટણીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન

મોડાસા નગરપાલિકામાં ભાજપ અપક્ષના સહારે હાલ સત્તાનું સુકાન સંભાળી રહી છે. જેમાં વોર્ડ. નં-૯ના નગરસેવક અને ચાંદટેકરી વિસ્તારના ઈસ્માઈલભાઈ મુલતાનીનું થોડા સમય અગાઉ અવસાન થતા ખાલી પડેલ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર રજ્જાક સિકંદરભાઈ સુથાર અને ભાજપના સમર્થક અપક્ષ ઉમેદવાર જાકીર લાલુ મુલતાની સહીત અન્ય એક અપક્ષ અદનાન બાકરોલીયા નામના ઉમેદવારે ઉમેદવારી નોંધાવતા ચૂંટણી જંગ કાંટે કી ટક્કર બન્યો હતો. રવિવારે યોજાયેલી મતદાન પ્રક્રિયામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદારો મતાધિકાર માટે પહોંચ્યા હતા. ૪ વાગ્યા સુધી સરેરાશ ૫૫ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા પહેલા મતદાન કેન્દ્રો પર છેલ્લી ઘડીએ મતદારો મતદાન માટે ઉમટતા સરેરાશ ૬૫ થી ૭૦ ટકાથી વધુ મતદાન થવાની શક્યતાઓ હોવાનું રાજકીય વિશ્લેષકો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી.

# ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ તરીકે મણીભાઈ પટેલ

ઊંઝા

મહેસાણા જીલ્લાના ઊંઝા ઉમિયા માતા મંદિરના નવા પ્રમુખની આજે વરણી કરવામાં આવી હતી. આજે યોજાયેલી કારોબારી સભામાં મોટી સંખ્યામાં પાટીદાર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નવીન પ્રમુખ તરીકે મણીભાઈ પટેલની નિયુક્તિ કરવામાં આવી હતી. જ્યારે આ સમગ્ર મામલે સમાજનો વિકાસ આગાળ લઈ જવા માટેનો મારો પ્રયાસ છે તેમ મણીભાઈ પટેલ દ્વારા કહેવામાં આવ્યું હતું.

મહેસાણાના ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન જે સમગ્ર ભારત નહી પરંતુ વિશ્વમાં વસતા કડવા પાટીદાર સમાજની સંસ્થા છે અને તે મંદિરમાં આજે નવીન પ્રમુખની વરણી કરવામાં આવી હતી જેમાં મંદિરના ઉમેશ્વર હોલ ખાતે આજે સામાન્ય સભા યોજાઈ હતી જેમાં તમામ સંસ્થાના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સંસ્થાના નવીન પ્રમુખ તરીકે મણીભાઈ ઉર્ફે મમી પટેલની સર્વાનુમતે નિમણુંક આવી હતી. જેમાં પાટીદાર સમાજની કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં ૨૦૧૮-૨૦૧૯ના વર્ષના સંસ્થાના પ્રમુખની નિમણુંક કરાઈ હતી જ્યારે અનામત અંદોલન મામલે સંસ્થાએ પહેલા સમગ્ર માંગણી અંગે સ્પષ્ટતા કરી છે અને આવનારા સમયમાં પાટીદાર સમાજના પડતર પ્રશ્નોને વાચા આપવામાં આવશે તેમ કહ્યું છે.






સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામની માસુમ બાળકી પર અપકૃત્યને લઈ સાબરકાંઠા સુથાર મેવાડા સમાજના પ્રમુખ પંકજ મિસ્ત્રી સહિતના અગ્રણીઓએ માસુમ બાળકીના પરીવારની મુલાકાત લીધી હતી. માસુમ બાળકીને તમામ પ્રકારની મદદ કરવાની અને આરોપીને કડકમાં કડક સજા કરવા માટે માંગ કરી હતી.

# ડીસાના ચત્રાલા ગામના પરિવારે પુત્રના અવસાન બાદ વહાવી દાનની સરવાણી

**રબારી સમાજના શૈક્ષણિક વિકાસ માટે અઢી લાખ અને ગામના વિકાસ માટે રૂપિયા એક લાખનું અપાયું દાન**

ડીસા

ડીસા તાલુકાના ચત્રાલા ગામના આશાસ્પદ યુવાનનું અકાળે અવસાન થતા પરિવાર સહિત રબારી સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે. ત્યારે મૃતક યુવાનના પિતાએ પુત્રની સ્મૃતિમાં રબારી સમાજના શૈક્ષણિક હેતુ માટે રૂ. ૨.૫૦ લાખ અને ચત્રાલા ગામના વિકાસ માટે રૂ. ૧ લાખ મળી કુલ રૂપિયા ૩.૫૦ લાખ જેટલા માતબર રકમના દાનની સરવાણી વહાવી અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

ડીસા તાલુકાના ચત્રાલા ગામના રબારી સમાજના આગેવાન અને વેપારી અગ્રણી બાબુભાઈ રામજીભાઈ દેસાઈના એકના એક પુત્ર આનંદ દેસાઈનું તાજેતરમાં જ અકાળે અવસાન થતા રબારી સમાજ સહિત પરિવાર તેમજ સગા-સ્નેહીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. ત્યારે બાબુભાઈ દેસાઈએ પોતાના એકના એક વહાલ સોયા પુત્ર પુણ્ય સ્મૃતિમાં ડીસા ખાતેના રબારી ગોપાલક છાત્રાલયમાં રૂમ બનાવવા માટે રૂ. ૨.૫૦ લાખ



અને ચત્રાલા ગામના વિકાસ માટે રૂ. એક લાખ મળી કુલ રૂપિયા ૩.૫૦ લાખ જેટલી માતબર રકમના દાનની સરવાણી વહાવી છે.પોતાના પુત્રની યાદને કાયમ માટે જીવંત રાખવા આટલી માતબર રકમનું દાન આપી તેમણે રબારી સમાજમાં એક અનોખી પહેલ કરી પ્રેરણા પુરી પાડી છે.ત્યારે દીકરાની યાદમાં આવી સખાવત આપવાના બાબુભાઈ દેસાઈના નિર્ણયની ભારે સરાહના થઈ રહી છે.

# મોડાસાના વૈદીશ પટેલની અંડર-૧૧ ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમમાં પસંદગી



મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લાનું મુખ્યમથક મોડાસા શહેર ઉત્તરગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે આગવી ઓળખ ધરાવવાની સાથે રમત-ગમત ક્ષેત્રમાં પણ ધીરે ધીરે રાજ્યમાં પકડ જમાવી રહ્યું છે. જીલ્લા ખેલ મહાકુંભ-૨૦૧૮માં યોજાયેલી અંડર-૧૧ ચેસ ટુર્નામેન્ટમાં પ્રથમ ક્રમ મેળવનાર વૈદીશ કૃપેશ પટેલની ગુજરાત રાજ્યની ચેસ ટુર્નામેન્ટ ટીમમાં સિલેક્શન થતા મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના રમતવીરો અને પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. વૈદીશ પટેલ અને તેના કોચને પ્રજાજનોએ અભિનંદન પાઠવ્યા હતા અને સમગ્ર વિશ્વમાં મોડાસાનું નામ રોશન થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

# ધનસુરા ખાતે વિદાય અને સન્માન સમારોહ યોજાયો

ધનસુરા ગ્રામ પંચાયતમાં વોટર વર્કસ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા પુનમભાઈ ઉર્ફે પંકજભાઈ પટેલનો વય નિવૃતિ વિદાય સમારોહ યોજાયો હતો. સાથે જિલ્લા પંચાયતમાં નવ નિયુક્ત બાંધકામ સમિતીના ચેરમેન સચિનભાઈ પટેલનો સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી, સભ્યો અને ગ્રામપંચાયતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ અને ગ્રામપંચાયતના સભ્યોએ નિવૃત થઈ રહેલ પુનમભાઈ પટેલનું શાલ અને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું અને તેમની ૩૫ વર્ષની કામગીરીને બિરદાવી હતી. સાથે અરવલ્લી જિલ્લા પંચાયતના બાંધકામ સમિતીના ચેરમેન સચિનભાઈ પટેલને પણ સરપંચ અને સભ્યોએ શાલ અને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

# શામળાજી પોલીસે સ્વીફ્ટ ડિઝાયર કારમાં વિદેશી દારૂ ઘુસાડાતા ત્રણ બુટલેગરોને ઝડપ્યા

**૩૯ હજાર દારૂના જથ્થા સહીત ૩.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત**





શામળાજી, તા. ૭

ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગુજરાતમાં યેનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડી બુટલેગરો મોટા પ્રમાણમાં ખિસ્સા ભરી રહ્યા છે. ગુજરાતમાં વિદેશીદારૂ ઘુસાડવા મહત્તમ ઉપયોગમાં લેવાતી અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી જીલ્લા પોલીસતંત્ર દ્વારા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપી પાડતા બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. અમદાવાદના ત્રણ બુટલેગરો લકઝુરિયસ કારમાં દારૂની ખેપ મારતા શામળાજી પોલીસે ઝડપી પાડી કારમાંથી ૩૯ હજારથી વધુનો દારૂ સાથે ૩.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.પી. ચૌહાણ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા અણસોલ ગામની સીમમાંથી પસાર થતી સ્વીફ્ટ ડિઝાયર કાર (ગાડી.નં-જીજે.૦૧.આરઝેડ.૫૭૩૨)ને અટકાવી તલાશી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમિટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બિયર ટીન નંગ-૧૧૪ કિં. રૂ. ૩૯૩૬૦નો જથ્થો ઝડપી પાડી કારચાલક પંકજ ઈશ્વર પટેલ (રહે. પરબડીવાસ, ઓગણજ, અમદાવાદ), ધ્રુવ ભરત શાહ (રહે. સરકારી વસાહત, સોલા) અને જય અશોક પટેલ (રહે. અખબારનગર, અમદાવાદ)ની ધરપકડ કરી બુટલેગરો પાસેથી મળી આવેલ ૪ મોબઈલ કિં. રૂ. ૧૩૦૦૦ તથા કારની કિં. રૂ.૩૦૦૦૦૦ મળી કુલ રૂ. ૩૫૨૩૬૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસા સાર્વજનિક હોસ્પિટલનો હિરક મહોત્સવ ઉમંગભેર ઉજવાયો

**સંસ્થાના આદ્ય સ્થાપક મથુરદાસ ગાંધી અને ડો. રસિકલાલ શાહની સેવાઓને બિરદાવાઈ**

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય સેવાનાં યશસ્વી ૭૫ વર્ષ પૂર્ણ કરનાર મોડાસા સાર્વજનિક હોસ્પિટલનો હિરક મહોત્સવ સંસ્થાના ચેરમેન જીગીશ મહેતાના પ્રમુખપદે ભારે ઉમંગભેર



ઉજવાયો હતો. આ પ્રસંગે દાતાઓ, મોડાસા અને જિલ્લાના અગ્રણીઓ, નાગરિકો, શ્રેષ્ઠિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સેવા સંઘ સાર્વજનિક હોસ્પિટલ ટ્રસ્ટના ઉત્સાહી ચેરમેન જિગેશ મહેતાએ પ્રારંભે મહેમાનોને આવકારતા દાતાઓને બિરદાવ્યા હતા અને સંસ્થાના આદ્યસ્થાપક મથુરદાસ લાલજીભાઈ ગાંધી અને ડૉ. રસિકલાલ શાહની સેવાઓને બિરદાવી હતી અને સંસ્થાની ૧૯૪૩થી શરૂ કરીને આજદિન સુધીની સેવાયાત્રા અને તેમાં સહયોગી સૌને યાદ કરી બિરદાવ્યા હતા.

આ પ્રસંગે શ્રી વલ્લભકુલભૂષણ યુવા વૈષ્ણવાચાર્ય પુજયપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીએ આશીર્વચન પાઠવ્યા હતા અને ધર્મની માનવતા અંગે ઉદાહરણો સહિત ઉપદેશાત્મક બોધ આપ્યો હતો.

જિલ્લાના પ્રભારી અને સમારોહના ઉદ્‌ઘાટક વન અને આદિજાતિ વિકાસ મંત્રી રમણલાલ પાટકરે પણ આ સંસ્થાની આરોગ્ય સેવાઓને બિરદાવી હતી અને ૭૫ વર્ષની સફળતા માટે ટ્રસ્ટી મંડળને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ સંસ્થાના આરોગ્ય વિષયક સેવા કાર્યમાં પૂરતો સહયોગ આપવા ખાત્રી આપી હતી.

મુખ્યમહેમાન પદે અમદાવાદના ઉદ્યોગપતિ મહાસુખભાઈ પટેલ અને વડોદરાના ઉદ્યોગપતિ કાલીદાસભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન, અમદાવાદના ચેરમેન અને ફાઉન્ડર ડૉ. ભરતભાઈ ભગત જ્યારે આતિથીવિશેષ પદે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, જિલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલ, પાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, વડોદરાના ઉદ્યોગપતિ મોહનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

માનદમંત્રી પુનમભાઈ પટેલે આભારવિધિ કરી હતી. સંસ્થાના માનદમંત્રી પીયૂષભાઈ જે. પટેલ, ટ્રસ્ટી મહેન્દ્રભાઈ વી. શાહ, ટ્રસ્ટી મહેશભાઈ ડી. પટેલ, સહમંત્રી પ્રવિણભાઈ એમ. પટેલ, ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ રાકેશભાઈ એમ. પટેલ વગેરેએ સમગ્ર હિરક મહોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં ફેકટરીઓ પર હુમલા અને પરપ્રાંતિયોનું વતન તરફ પ્રયાણને લઈને બેઠક યોજાઈ

**જિલ્લા પોલીસ વડાએ ફેક્ટરી માલિક અને શ્રમિકોના કોન્ટ્રાકટર સાથે બેઠક યોજી : ફેકટરી પર સુરક્ષા માટે એસઆરપી જવાનોને સોપી : સોશ્યલ મીડિયા પરના મેસેજ અફવાઓ છે તેનાથી દોરવાવું નહિ : જિલ્લા પોલીસ વડા**

હિંમતનગર, તા. ૭

ચૌદ માસ ની બાળકી પર થયેલા દુષ્કર્મને લઈને તેના પ્રત્યાઘાતરૂપે હવે પરપ્રાંતિય શ્રમીકો પર હુમલાના બનાવો વધી રહ્યા છે. જેને લઈને હવે પોલીસે પણ પરપ્રાંતિયોને સુરક્ષા અને વિશ્વાસ આપવાનો પ્રયાસ શરૂ કર્યો છે. શ્રમીકોને શાંત માહોલ મળી રહે અને પોતાની મુંઝવણ પોલીસ સમક્ષ જણાવવા માટે ઓપન મંચ બેઠક સાબરકાંઠા પોલીસ દ્વારા રવિવારે હિંમતનગરના પોલીસ હેડ ક્વાર્ટસ ખાતેના તાલીમ ભવનમાં યોજાઈ હતી.

પરપ્રાંતિય શ્રમીક દ્વારા ચૌદ માસની બાળકી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને જેને લઈને આખરે તેના પ્રત્યાઘાતો છેલ્લા એક સપ્તાહ થી સાબરકાંઠા જીલ્લામાં વર્તાઈ રહ્યા છે. સાબરકાંઠાના પ્રાંતિજ, તલોદ અને હિંમતનગર તાલુકાના ઈન્ડ્સ્ટ્રીઝ વિસ્તારમાં ફેકટરીઓ પર પત્થરમારા અને મારપીટની ઘટનાઓ સામે આવવાને લઈને શ્રમીકોમાં ભયનો માહોલ સર્જાયો છે. જેને લઈને પોલીસે પણ હવે શ્રમીકોને સુરક્ષા અને શાંતિનો વિશ્વાસ આપવા માટે બેઠક યોજી હતી. જીલ્લાની ફેકટરીઓના સંચાલકો અને તેમના શ્રમીક કામદારો તેમજ શ્રમીક કામદારોના આગેવાનો સાથે ઓપન મંચ પ્રકારની બેઠક યોજીને શ્રમીકોને પણ પોતાની મુંઝવણ પોલીસ અધીકારીઓ સામે રજુ કરવા માટે પ્રયાસ કરાયો હતો. જેમા પોલીસના





ઉચ્ચ અધીકારીઓએ તેમના મંતવ્યો અને તેમના ડરના કારણો જાણીને તેમને સુરક્ષા આપવા માટેના પ્રયાસો કર્યા છે. પોલીસે તમામ પરપ્રાંતિય કામદારોના રહણાંક વિસ્તારમાં ચોવીસ કલાક પોલીસ સુરક્ષા પુરી પાડવામાં આવશે. પોલીસ તરફથી સુરક્ષાના લેવાયેલા નિર્ણયને લઈને ઉધોગકારોમાં અને શ્રમીકોમાં રાહત થઈ હતી.

તો પોલીસ દ્વારા શ્રમીકો માટે હેલ્પલાઈન નંબરો પણ જાહેર કર્યા છે અને જેની પર ફોન ડાયલ કરવાથી પોલીસની તાત્કાલીક સહાય પણ મળી રહેશે. આ માટે સ્થાનિક પોલીસ મથકો ઉપરાંત ઉચ્ચ અધીકારીઓના અને કંટ્રોલરૂમના પણ નંબરો જાહેર કરવામાં આવ્યા છે જ્યાં શ્રમીકો માટેના હાલના માહોલ માટે ક્વીક રીસ્પોન્સ ટીમ દ્વારા તુરજ જ કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને શ્રમીકોને સુરક્ષા સહાય પુરી પાડવામાં આવશે. પોલીસ દ્વારા રહેણાંક કોલોનીઓ ઉપરાંત ફેકટરીઓ પર પણ ચોવીસ કલાક સુરક્ષાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝ ઝોન વિસ્તાર અને ચોક્કસ ટોળાઓ સામે ફરીયાદો દાખલ થઈ છે જેમાં ઝડપાયેલા આરોપીઓની યાદીની સમીક્ષા કરી એવા તત્વોના વિસ્તારોમાં પણ ખાસ પોલીસ પેટ્રોલીંગ રાઉન્ડ ધ કલોક કરવામાં આવશે. આમ પોલીસ દ્વારા હવે હુમલાઓના વધતા બનાવોને લઈને સુરક્ષાના પગલા વધારવામાં આવ્યા છે.

પરપ્રાંતિયો પર હુમલા અને ફેકટરીઓ પર હુમલામાં પોલીસના પણ બે વાહનો પર પણ પત્થરમારો થયો હતો. તો પોલીસે પણ બે ઘટનાઓમાં ટીયર ગેસના સેલ છોડી બેકાબુ ટોળાને વિખેરવા પડ્યા હતા. પોલીસ અત્યાર સુધીમાં નવ જેટલી ફરીયાદ દાખલ કરવામાં આવી છે અને સવાસો જેટલા લોકોને ધરપકડ કરવામાં આવી છે અને હજુ પણ જેલના હવાલે છે. ત્રણ કંપની એસઆરપી, ૨૦૦૦થી વધુ પોલીસ, ૭૦૦ હોમગાર્ડ અને ૪૦૦ જીઆરડી સહીતનો પોલીસ સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત દાખવવામા આવ્યો છે. આઠ તારીખને સોમવારની બંધ અને પ્રાંતિયો શ્રમીકોને ગુજરાત છોડવાના અફવાભર્યા અલ્ટીમેટમને લઈને પણ શ્રમીકોને અફવા હોવાનુ સમજાવવા સાથે સોશીયલ મીડીયા પર પણ નજર દાખવવામાં આવી રહી છે. ૨૫ થી વધુ વ્હોટસેપ ગૃપ સામે આવ્યા છે કે જેમાં ઉશ્કેરણી કરાઈ રહી હોય અને અફવાને જોર આપવામાં આવતુ હોય જેની પર પણ નજર દાખવવામાં આવી રહી છે અને જરુર જણાયે કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.